## જન્મદિને વધામણી



**સી એલ મહેતા**
ઉપપ્રમુખ, બ્રહ્મસમાજ, ગાંધીનગર
કારોબારી સભ્ય, જીઆઈસીઈએ
સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ
મો. ૯૪૨૬૦ ૦૯૬૪૯



**સુકેતુ મહેતા**
શ્રેષ્ઠ રક્તદાતા એવોર્ડી
મો. ૯૮૨૫૨ ૯૨૦૪૧



**વીણા વોરા**
નિવૃત્ત શિક્ષક
લાયોનેસ બોર્ડ મેમ્બર



**દશરથલાલ મોતીભાઈ ચાવડા**



**ગ્રીષ્મા એન ત્રિવેદી**
લાયોનેસ ક્લબ



**ઉમંગ ટી પાનવાલા**
મો.૯૮૯૮૫ ૭૫૬૫૦

# પી. કે. ચૌધરી મહિલા કોલેજનો ૨૨મો વાર્ષિકોત્સવ યોજાયો







ગાંધીનગર, તા.૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટ કોલેજનો ૨૨ મો વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ અને શુભેચ્છા સમારોહ બુધવારે સવારે ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ સુંદર નાટક, ગીત-સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. આ પ્રસંગે ટાઉનહોલમાં વિદ્યાર્થીનીઓ દ્વારા રજુ કરવામાં આવેલ કલા-કૃતિને વાલીગણ તેમજ સ્ટાફના સૌ સભ્યોએ તાળીઓથી વધાવી લીધી હતી. જયારે કોલેજની રમત-ગમતની પ્રવૃતિ તેમજ અભ્યાસમાં પ્રથમ, દ્રિતિય અને તૃતિય ક્રમ મેળવનાર વિદ્યાર્થીનીઓનો પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આયોજીત અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજના વાર્ષિકોત્સવ પ્રસંગે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, અખિલ આંજણા કેળવણી મંડળના ગાંધીનગરના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી, પ્રિન્સીપલ ઉર્મિલાબેન ચૌધરી, કોલેજના જનરલ સેક્રેટરી કુ.હિરલ પટેલ અને સાંસ્કૃતિક મંત્રી કુ.લક્ષ્મી ઠાકોર હાજર રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે પ્રાર્થના તેમજ મહેમાનોના હસ્તે દિપ પ્રાગ્ટય કરવામાં આવ્યું હતું. કોલેજ પરિવાર તરફથી સુતરની આંટીથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોના હસ્તે ગુજરાતી, અંગ્રેજી, હોમ સાયન્સ, અને એમ.એમાં પ્રથમ,દ્રિતિય અને તૃતિયક્રમ મેળવનાર વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કારથી નવાજવામાં આવી હતી.તો બીજીતરફ રમત-ગમત ક્ષેત્રે ગોલ્ડ, સિલ્વર, અને બ્રોન્ઝ મેડલ મેળવનાર વિદ્યાર્થીનીઓ અને કુસ્તીમાં ચેમ્પિયન ટીમ, ટોકવોન્ડોમાં પ્રથમ અને ગોલ્ડ મેળવનાર ચૌધરી હિના તેમજ અવનીને નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે આચાર્યા ઉર્મિલાબેન વાર્ષિક અહેવાલ અને મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી કૃષ્ણકાંત જહાએ વિદ્યાર્થીનીઓને સંઘર્ષ સાથે સિદ્ધી મેળવવા હાંકલ કરી હતી. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજસ્થાની નૃત્ય, રાસ-ગરબા, ફયુઝન, ડાન્સ, કથ્થક, ઘુમર, ચૌધરી સમાજના ગરબો, તલાવર નૃત્ય, અને સેલ્ફ ડિફેન્સ પર ડાન્સ પ્રસુતત થયો હતો. વિદ્યાર્થીનીઓની તમામ કૃતિઓને હાજર વાલીગણ અને સ્ટાફના સૌ સભ્યોએ તાળીઓથી વધાવી લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પટેલ નુઝરતે કર્યુ હતું. તો આભારવિધી કુ. જહાનવી રાઠોડે કરી હતી. શંકરભાઈ ચૌધરીએ આર્શિવચન પાઠવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન ચિત્રા જાની અને વિભુતી મંડોરાર કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન સાંસ્કૃતિક સમિતિના ડો. લીનાબેન સ્વાદીયા, ડો. એન.કે.પટેલ, ડો. સોનલ મોદી, ડો. મીનાબેન વ્યાસ, અને મુન્નાબેન ચૌધરીએ કર્યુ હતું.

### પ્રેરણા વિદ્યાલયમાં અભ્યાસ કરતા

# ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ



ગાંધીનગર, તા. ૧

સેકટર-૫/એ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયમાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો હતો.

કાર્યક્રમની શરુઆત પ્રાર્થનથી કરવામાં આવી હતી. શાળામાં પધારેલ મહેમાન કનૈયાલાલ પંડ્યા જે સારા કથાકાર, વકતા અને સાહિત્યકાર છે. જેમનું સૂતરની આંટીથી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓમાં રહેલા પરીક્ષાનો ડર નહીં રાખવા જણાવ્યું હતું. અને સતત ચાર-પાંચ કલાકના વાંચન બાદ એકાદ કલાક હળવી પ્રવૃત્તિ કરવી જોઈએ. જેથી મન પ્રફુલ્લિત અને શાંત રહે. તેવી શુભેચ્છા પાઠવી હતી. શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ પણ બોર્ડના વિદ્યાર્થીઓને સમયનું મહત્ત્વ અને સફળતા મેળવવા માટે સતત મહેનત કરવા પ્રેરણા આપી હતી. વિદ્યાર્થીઓએ પોતાના સુખ-દુઃખના અનુભવો અને યાદોને વાગોળી હતી. કાર્યક્રમનાં અંતે શાળાના આચાર્યા મનિષભાઈ ખત્રી તરફથી શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન રાઠોડ પારૂલબાએ કર્યું હતું. દરેક વિદ્યાર્થીઓને મોં મીઠું કરાવી. પેન આપવામાં આવી હતી. શાળા દ્વારા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# બીસીએના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ - બીસીએના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટમાં યોજાયું હતું, જેમાં આ સંસ્થામાં અભ્યાસ કરી ચૂકેલા ૨૦૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. કૉલેજના ડિરેક્ટર ડૉ. સંજય શાહ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરી તેમને આવકારવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ કૉલેજ કાળ દરમિયાનના પોતાના અનુભવો તાજા કર્યા હતા. કૉલેજના રજિસ્ટ્રાર ડૉ. એસ કે મંત્રાલાએ સંસ્થાને સો વર્ષ પૂર્ણ થાય છે તે ઉપક્રમે તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એકજૂથ થઈને આ પ્રસંગની ભવ્ય ઉજવણી કરવાનું આહ્‌વાન કર્યું હતું. મુખ્ય મહેમાન ડૉ. કનુભાઈ પટેલે આ સંસ્થા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સહયોગથી જ ચાલી રહી છે અને ભવિષ્યમાં પણ આ શિરસ્તો ચાલુ જ રહેશે અને સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરતી રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ખુશ્બુ જુનેજા, દિપક શર્મા, મોહિત કોઠારી, ઉપેન્દ્રસિંહ ઝાલા, સ્વીટી ક્રિશ્ચિયન, શશાંક શુક્લાએ કૉલેજ અને ફેકલ્ટી સાથેનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. આ પ્રસંગે કૉલેજ પરિવાર તરફથી અંકિતા દત્તાણી, સન્ની પટેલ, હાર્દિક પંચાલ, હાર્દિક સાંકરેચી, પ્રિયમ ઠક્કર, શશાંક શુક્લા, અંકિત રામી, ભાગ્યશ્રી ઠાકર, કૃણાલ અગ્રવાલ અને ઉપેન્દ્રસિંહ ઝાલાને કમ્પ્યુટર, કળા, સંગીત, ઉદ્યોગ સાહસિકતા જેવાં ક્ષેત્રોમાં તેમણે કરેલા ઉત્કૃષ્ટ પ્રદાન બદલ કૉલેજ પરિવાર દ્વારા બિરદાવવામાં આવ્યા હતા. સાથે સાથે આ તમામ વિદ્યાર્થીઓએ ભવિષ્યમાં કૉલેજના વર્તમાન વિદ્યાર્થીઓને ભવિષ્યમાં સફળ થવા મદદરૂપ થવાની ભાવના વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતે સંયોજક પ્રૉ. રૂપેશ વ્યાસ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રૉ. જૈમિની કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના ડિરેક્ટર ડૉ. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. રિચા મહેતા, પ્રૉ. ભાવના પટેલ, પ્રૉ. પૂજા જોશી, પ્રૉ. પ્રિયંકા શાહ અને પ્રૉ. રેબેકા જોબદાસ દ્વારા કરવામાં આવ્યું હતું, જેને પૂર્ણ કરવા તમામ ટીચિંગ અને નૉન ટીચિંગ સ્ટાફ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

# યુનિવર્સિટીઝ ફેસ્ટીવલનું ગણપત યુનિવર્સિટીના આંગણે આયોજન

ગાંધીનગર, તા. ૧

યુનિવર્સિટીઝમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં કલા, સાહિત્ય અને સાંસ્કૃતિક બાબતોમાં રસ, ઋચિ અને સમજ કેળવાય અને તે દ્વારા એમનાં કારકિર્દી તેમજ ચારિત્ર્યનિર્માણમાં નોંધપાત્ર ઉત્કર્ષ સાધી શકાય તેવા ઉદ્દાત હેતુ સાથે દેશની નામાંકિત શૈક્ષણિક સંસ્થા 'ઍસોસિએશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ' દ્વારા દર વર્ષે એક સાંસ્કૃતિક ઉત્સવનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે આ મેળો - ૧૧મો સાઉથ એશિયન યુનિવર્સિટીઝ ફેસ્ટિવલ 'સોફેસ્ટ-૨૦૧૮' સૌ પ્રથમવાર ગુજરાતની ભૂમિ ઉપર ગણપત યુનિવર્સિટી ખાતે તા. ૨થી ૬ ફેબ્રુઆરી દરમિયાન યોજાઈ રહ્યો છે. ભારત ઉપરાંત નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, મોરેશિયસ અને અફઘાનિસ્તાન જેવા સાઉથ એશિયન દેશોની વિવિધ યુનિવર્સિટીઝના સેંકડો વિદ્યાર્થીઓ આ સાંસ્કૃતિક ઉત્સવમાં પોતાની વિવિધ કલા-પ્રતિભાની અભિવ્યક્તિ કરશે. લાઈટ વોકલ, કલાસિકલ ડાન્સ, ફોક ડાન્સ (ગૃપ), ફોક ઓરકેસ્ટ્રા, ડિબેટ, ઈલોકયુશન, કલે મોડેલિંગ અને પોસ્ટર મેકિંગજેવી વિવિધ વિદ્યાઓનો સમાવેશ આ ઉપક્રમમાં કરવામાં આવ્યો છે. ઉજીએ યોજાનારા આ ફેસ્ટિવલના ઉદ્‌ઘાટન સમારોહમાં રાજ્યપાલ ઓ પી કોહલી, મહેસાણા ઓએનજીસી એસેટના એકિઝક્યુટીવ ડિરેક્ટર વિનય પંડ્યા, ગણપતિ યુનિવર્સિટીના દાતા, અધિષ્ઠાતા અને પ્રેસિડેન્ટ ગણપતભાઈ પટેલ, એઆઈયુના પ્રેસિડેન્ટ તથા એમિટિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રૉ. પી બી શર્મા, સૅક્રેટરી જનરલ પ્રૉ. ફૂરકાન કમર અને જોઈન્ટ સેક્રેટરી સેમ્પસન ડેવિડ ઉપસ્થિત રહેશે.

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની એનએસએસ શિબિરનો બાસણ ખાતે શુભારંભ



ગાંધીનગર, તા. ૧

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની ઍનઍસઍસની સાત દિવસીય શિબિરનો બાસણ ખાતે શુભારંભ થયો છે.

શિબિરના ઉદ્‌ઘાટન સમારોહમાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા, ગામના આગેવાન અમીતભાઈ દેસી, અભયસિંહ વાઘેલા, કનુભાઈ દેસાઈ, પ્રકાશભાઈ દેસાઈ, પી ઍન ઠાકોર, વજાજી અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્વચ્છતા, વ્યસનમુક્તિ, જળ બચાવો, ડિજીટલ બેન્કિંગ, ટ્રાફિક અવેરનેસ જેવાં અભિયાન આ સાત દિવસ દરમિયાન ચલાવવાનો નિર્ધાર વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો હતો.

સમગ્ર શિબિરનું આયોજન અને સંચાલન ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવી રહ્યું છે. ૯૦ જેટલા સમાજસેવી વિદ્યાર્થીઓ આ શિબિરમાં જોડાયા છે, જેઓ પ્રભાતફેરી, પ્રાર્થના, યોગ, પ્રાણાયામ, મેડિટેશન, કસરતો, ગ્રામ સફાઈ, બૌદ્ધિક સેશન, રિક્રીએશન રમતો, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી રહ્યા છે. શિબિર મંત્રી તરીકે ભવદીપ વાળા, કુલદીપ રથવી, વિરલ ચાવડા, જૈમીન પટેલ, અજય ગુસાઈ, ગુલાબ જોગરાજીયા, અસ્મિતા પેણીયા શિબિરને સફળ બનાવવા યોગદાન આપી રહ્યાં છે.

# આ રહ્યા ગુલાબ પરંતુ તમે તરોતાજા કેમ નથી ?





કૂણા-માદક સવારનાં સૂર્યકિરણોનો સાથ લઈ જ્યારે માણસ મૉર્નિંગ વૉકમાં નીકળે છે અને ચાલતાં-ચાલતાં શહેર કે ગામના બાગમાં એકાદ બે આંટા લગાવે છે ત્યારે પ્રદૂષણ મુક્ત સવારનો આ સમય તમારી કે મારી સાથે ચાલે છે અને મૌન સંવાદ કરે છે. છતાં આપણા મન સુધી એ પહોંચતું નથી. સૂર્યોદય વાસ્તવમાં એક નવા દિવસની ભેટ આપણને આપે છે. પ્રકૃતિ માનવસર્જિત નથી એટલે તેમાં ભેદભાવ, પક્ષપાત જેવું કંઈ જ નથી. સૂર્ય, ચંદ્ર, તારા, વર્ષા વગેરે અવિરત પોતાની હાજરી પુરાવે છે,જેનું કોઈ મસ્ટર હોતું નથી કે લિવ રિપૉર્ટ હોતા નથી. ઉપવનમાં ફરતા ફરતા પુષ્પો ઝૂલતાં હોય, પંખીઓ કંઈક કહેતાં હોય, ખિસકોલી જાણે કે વાત કરવા બાજુમાં આવી હોય તે સહજ જીવનનાં તત્ત્વો બાજુ આપણે દૃષ્ટિ પણ કરતા નથી.

સમગ્ર સૃષ્ટિના સર્જનહારે બધા માટે બધું જ બનાવ્યું છે, તેમાં માત્ર માણસની જાત જ સ્વયંમાં સમેટાતી જાય છે એ નોંધ લેવી પડે તેમ છે. ઘોંઘાટ મુક્ત વાતાવરણનું મૌન વાંચી શકાય તો ઈશ્વરની સાથે પણ સંવાદ કરી શકાય. શરીરને નિરોગી રાખવા જ ચાલવું એ જરૂરિયાત તરીકે જ જોવાય છે પણ ચાલતાં જતાં બાજુની દુનિયાના જીવો, વૃક્ષો, પુષ્પો, ઝરણાં, પર્ણો પણ માનવ સાથે કંઈક વાત કરવા ઈચ્છે છે તે સમાજ બહુધા ભૂલી જાય છે. આધુનિક યુગના કાળમાં વાયુ તથા જળ પ્રદૂષણ વધતું જાય છે. તેથી ઘણાં પક્ષીઓ તથા જીવોની વિવિધ પ્રજાતિઓ નામશેષ થઈ ગઈ છે. ચકલા-કાબર-કોયલ-મોર-દેવચકલી-લક્કડખોદ વગેરે ક્રમશઃ લુપ્ત થઈ રહ્યાં છે. દવાઓનો વપરાશ વધતાં હવે કૃષિની જમીન પર પણ ઉંદર, સાપ, નોળિયા વગેરે તદ્દન ઘટી ગયા છે. કેમ કે હવે માત્ર માણસને જ જીવવું છે અને તે પણ કુદરતના સાંનિધ્ય વગર એ મોટી હાનિ છે.

સમગ્ર વિશ્વ અને દેશમાં નકારાત્મક વિચારો, ઊર્જા, આહાર-વિહાર તથા વ્યવહારો વધતા જાય છે એટલે શુભ, સુંદર મન તથા દિલને પુષ્ટ રાખવા ગુલાબોની હાજરી કે ખુશ્બુની નોંધ રાખવાનું કામ દુષ્કર બનતું ગયું છે. બધાની નજર અને દોડ માત્ર ને માત્ર નાણાં ઉપર જઈને અટકી ગઈ છે તેથી સર્વત્ર અજંપો, દુખ, આઘાત તથા નિરાશા જોવા મળે છે. સુંદર સુભાષિતો, મહાન ગ્રંથો, પંચતંત્રની વાતો, કુદરતનાં કાર્યો કે રચના ઉપર આપણે જોતા પણ નથી, પછી શાંતિ ક્યાંથી મળે ? શ્યામ સાધુના શેરમાં આ વાત થઈ છે -

આજે તો પેલા
મોરના ટહુકાય ક્યાં રહ્યાં ?
પીંછા જેવો ફક્ત હું
ફરક્યા કરું.

બહુ વેધક રીતે બાલુ પટેલ આ શેરમાં કહે છે -

એ રીતે તું યાદ આવે છે મને
જાણે ટહુકો છે અને કોયલ નથી

કુદરતનું જીવન તો તણાવ મુક્ત સર્જન છે. જે તણાવ ઊભો થયો એ સભ્ય ગણાતા માનવોએ ઊભી કરેલી દિવાલ છે. જીવન મૂલ્યો જ સૌથી કિંમતી હોય છે, તે છોડ્યા પછી તો પછી જીવનમાં બધું હશે છતાં માનવી તરોતાજા રહી શકશે નહીં.

મનોજ ખંડેરિયાનો એક સુંદર શેર જુઓ -

મારો અભાવ
મોરની માફક ટહુકશે
ઘેરાશે વાદળો
અને હું સાંભરી જઈશ

જીવન તો છે અફાટ તપતા રણ જેવું વિશાળ. આમાં જ પ્રેમના વીરડામાંથી જીવન માટેનું જળ પીવાનું છે. અજ્ઞાનતા, કુરિવાજ અને અંધશ્રદ્ધાના વસમા કાળમાં સહજાનંદ સ્વામીએ સત્સંગ સ્થાપ્યો, લોકોને માર્ગ અને શુદ્ધ આચરણ બતાવ્યું.

વસંતપંચમીના શુભ દિવસે શિક્ષાપત્રીની ભેટ આપી જેમાં આચારસંહિતા દર્શાવી છે. એ વાસ્તવમાં ગુલદસ્તો છે, જીવતા નર માટે પુષ્પોની છાબડી છે. એ માત્ર વાંચવા માટે નથી પણ જીવનમાં ઉતારવા-પાલન કરવા માટે છે. એ ખુશ્બુની છડી અને જીવનની સાંત્વના છે.

બીજી વાત, ભગવદ્‌ગીતા મૃત્યુ નજીક આવે ત્યારે જ વાંચવાનો ગ્રંથ નથી. એ જીવનને રાહ દર્શાવતો અમૂલ્ય વારસો છે. કર્મ પ્રધાનતા જીવનને સજ્જડ, સુમધુર તથા ઉત્કૃષ્ટ કરે છે, તેનો મહાન સંદેશ છે. શરીર અને આત્મા એક નથી દેખાતા. સંબંધોની સચ્ચાઈ અને વાસ્તવિકતાના ભેદને રજૂ કરે છે તે સાર જો સમજી લેવાય તો એ ગુલાબોથી ભરેલી છાબ છે. માણસનું પ્રથમ માનવી થવું એ જ મોટી ઘટના હોય છે. ખ્વાજા હાલીનો શેર સમજવા જેવો છે -

ફરિશ્તોં સે બહેતર હૈ
ઈન્સાન બનના
મગર ઈસમેં પડતી હૈ
મહેનત ઝ્યાદા

સ્વકર્મ અને નિષ્ઠાનું પાલન કરીને જીવાય તો ઉત્તમ માનવજીવન છે. એટલે હરિશ ઠક્કર શેરમાં કહે છે કે -

માણલ દિવાલ જેવો નથી,
બંધ દ્વાર છે
ઊઘડી જશે તો
પ્રેમનો અવતાર થઈ જશે.

હવે, ગુલાબો પડ્યા છે નજર સામે, નોંધ લઈશું ?

**શેર આસ્વાદ**

કુછ અજીબ હૈ યે દુનિયા
યહાં જૂઠ નહીં, સચ બોલને સે
રિશ્તે ટૂટ જાતે હૈં

